Name : Riddhi Vyas,  Course : MA. Education Year : 2021-22

Title of Research : HABITS OF MIDDLE STAGE SCHOOL STUDENTS OF GANDHINAGAR CITY

ગાંધીનગર શહેરના ઉચ્ચ પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની આદતો

Guid: Prof. Ranjitsinh

**શોધ સારાંશ:**

**પ્રસ્તુત અભ્યાસમાં ગાંધીનગર શહેરની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની આદતોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. ધોરણો, જાતિ અને** શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં સ્વરિચિત ઉપકરણ દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો હતો. સારી આદતોની શૈક્ષણિક સિદ્ધિ પર અસર જોવા મળી હતી.

અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસના હેતુઓ આ પ્રમાણે નક્કી કરવામાં આવ્યા હતા.

૧. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની આદતોનો અભ્યાસ કરવો

૨. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની ધોરણ (૭ અને ૮)ના સંદર્ભમાં આદતો તપાસવી

૩. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની જાતિ(કુમાર અને કન્યાઓ)ના સંદર્ભમાં આદતો તપાસવી

૪. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ(ઉચ્ચ કે નિમ્ન)ના સંદર્ભમાં આદતો તપાસવી

વ્યાપવિશ્વ – ગાંધીનગર શહેરની ગુજરાતી માધ્યમની સરકારી સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ

નિદર્શ- ગાંધીનગર શહેરમાં આવેલી તમામ(૩૭) ગુજરાતી માધ્યમની સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાની સંખ્યામાંથી ૩૭ શાળાના ૨૨% એટલે ૮ શાળાઓના ૪૯૭ વિધાર્થીઓની નિદર્શ તરીકે યાદચ્છિક પસંદ કરવામાં આવી.

સંશોધન ઉપકરણ- સ્વરચિત આદતોના માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

અભ્યાસની પદ્ધતિ- સર્વેક્ષણ પદ્ધતિ

માહિતી વિશ્લેષણની પદ્ધતિ - ધોરણ, જાતિ, શૈક્ષણિક સિદ્ધિ એમ ત્રણ ચલોના સંદર્ભમાં વિદ્યાર્થીઓના પ્રતિચારોનું વર્ગીકરણ ત્યાર બાદ માપદંડ પરના પ્રાપ્તાંકોના આધારે સરાસરી, પ્રમાણ વિચલન, અને t મૂલ્ય આધારે શૂન્ય ઉત્કલ્પનાઓને ચકાસવા માટે ગણતરી કરવામાં આવી હતી.

તારણો-

1.ગાંધીનગર શહેરની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં ધોરણ-7 અને 8ના વિદ્યાર્થીઓની આદતોમાં સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો.

2. ગાંધીનગર શહેરની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં કુમાર અને કન્યાઓની આદતોમાં કન્યાઓની આદતો વધુ સારી જોવા મળી હતી.

3. ગાંધીનગર શહેરની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં ઉચ્ચ શૈક્ષણિક અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતાં વિદ્યાર્થીઓની આદતોમાં સારી આદતો ધરાવતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વધુ સારી જોવા મળી હતી.

4. ધોરણ (૭ અને ૮) અને જાતિ (કુમાર અને કન્યાઓ) એમ બંને ચલની અસર જોતાં બંને ધોરણોમાં કન્યાઓની આદતો વધુ સારી જોવા મળી હતી.

5. ધોરણ (૭ અને ૮) અને શૈક્ષણિક સિદ્ધિ (ઉચ્ચ અને નિમ્ન) એમ બંને ચલની અસર જોતાં બંને ધોરણોમાં વધુ સારી આદતો ધરાવતા વિદ્યાર્થીઓની શૈક્ષણિકસિદ્ધિ વધુ સારી જોવા મળી હતી.

નિષ્કર્ષ: આદતોની અસર શૈક્ષણિક સિદ્ધિ પર જોવા મળે મળી હતી

શૈક્ષણિક ફલિતાર્થ:

અભ્યાસ માટે સારી આદતો જાણવા અને તેને  વિકસાવવા માટે અને જાગૃતતા લાવવા ઉપયોગી બની રહેશે.